# RTE એક્ટ-૨૦૦૯ અન્વયે શૈક્ષણિક વર્ષ:૨૦૨૪-૨૫ માં નબળા અને વંચિત જૂથના બાળકોને વિનામૂલ્યે ધોરણ-૧ માં પ્રવેશની જાહેરાત

**ગુજરાત સરકાર દ્વારા ધ રાઈટ ઓફ ચીલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કંપલ્સરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ ની કલમ ૧૨ (૧) ક હેઠળ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ % મુજબ વિનામૂલ્યે ધોરણ-૧ માં નબળા અને વંચિત જૂથના બાળકોને પ્રવેશ આપવાની યોજના અમલમાં છે. જે બાળકોએ ૧ જૂન-૨૦૨૪નાં રોજ છ વર્ષ પૂર્ણ કરેલ હોય અને નીચે દર્શાવેલ અગ્રતાક્રમ ધરાવતા હોય તેજ બાળકો આ યોજના હેઠળ અગ્રતાક્રમ મુજબ પ્રવેશપાત્ર બને છે**

| ક્રમ | અગ્રતાક્રમ | ક્રમ | અગ્રતાક્રમ |
|---|---|---|---|
| ૧ | અનાથ બાળક | ૨ | સંભાળ અને સંરક્ષણની જરૂરીયાતવાળુ બાળક |
| ૩ | બાલગૃહના બાળકો | ૪ | બાળ મજૂર/સ્થળાંતરીત મજૂરના બાળકો |
| ૫ | મંદબુધ્ધિ/સેરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકો, ખાસ જરૂરીયાતવાળા બાળકો/શારીરિક રીતે વિકલાંગ અને વિકલાંગ ધારા-૨૦૧૬ની કલમ ૩૪ (૧) માં દર્શાવ્યા મુજબના તમામ દીવ્યાંગ બાળકો | | |
| ૬ | (ART) એન્ટિ-રેટ્રોવાયરલ થેરપી (એઆરટી)ની સારવાર લેતા બાળકો | | |
| ૭ | ફરજ દરમિયાન શહીદ થયેલ લશ્કરી/અર્ધલશ્કરી/પોલીસદળના જવાનના બાળકો | | |
| ૮ | જે માતા-પિતાને એકમાત્ર સંતાન હોય અને તે સંતાન માત્ર દીકરી જ હોય તેવી દિકરી | | |
| ૯ | રાજ્ય સરકાર હસ્તકની સરકારી આંગણવાડીમાં અભ્યાસ કરતાં બાળકો | | |
| ૧૦ | ૦ થી ૨૦ આંક ધરાવતાં તમામ કેટેગરી (SC, ST,SEBC,જનરલ તથા અન્ય) ના BPL કુંટુબના બાળકો | | |
| ૧૧ | અનુસૂચિત જાતિ (SC) તથા અનુસૂચિત જનજાતિ (ST) કેટેગરી ના બાળકો | | |
| ૧૨ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ / અન્ય પછાત વર્ગ / વિચરતી અને વિમુક્ત જાતિના બાળકો<br>સદર કેટેગરીમાં વિચરતી અને વિમુક્ત જાતિના બાળકોને પ્રવેશમાં પ્રથમ અગ્રતા આપવાની રહેશે. | | |
| ૧૩ | જનરલ કેટેગરી / બિન અનામત વર્ગના બાળકો | | |
| **નોંધ** | અગ્રતાક્રમ (૮), (૯), (૧૧), (૧૨) અને (૧૩) માં આવતા બાળકો માટે ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક રૂ.૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ.૧,૫૦,૦૦૦/- ની આવક મર્યાદા લાગુ પડશે. પ્રવેશ માટે કેટેગરીની અગ્રતા, આવકની અગ્રતા, વાલીએ પસંદ કરેલ શાળાની અગ્રતા વગેરે ધ્યાને લઈ પ્રવેશ આપવામાં આવશે. | | |

પ્રવેશ મેળવવા માટે બાળકના વાલી https://rte.orpgujarat.com વેબસાઈટ પર તા.૧૪/૦૩/૨૦૨૪, ગુરુવારથી તા.૨૬/૦૩/૨૦૨૪,મંગળવાર દરમિયાન પ્રવેશ ફોર્મ ભરી શકશે. આ અંગેની જરૂરી વિગતો જેવી કે અરજી સાથે કયા કયા આધાર-પુરાવા,કયાં અધિકારીના રજૂ કરવાના છે તે સહિતની તમામ વિગતો વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે. અરજદાર જરૂરી આધાર-પુરાવા એકઠા કરી ઓનલાઈન અરજી સમયમર્યાદામાં કરી શકે તે માટે પ્રવેશની જાહેરાત અને ઓનલાઈન અરજી કરવાની તારીખ વચ્ચે જરૂરી સમયગાળો રાખવામાં આવેલ છે. વાલીએ ઓનલાઈન ફોર્મ ભરતી વખતે જ જરૂરી આધાર-પુરાવા જેવા કે જન્મ-તારીખનો દાખલો, રહેઠાણનો પુરાવો, જાતિ/કેટેગરીનો દાખલો, તેમજ સક્ષમ અધિકારીનો આવકનો દાખલો, ઈન્કમટેક્ષ રીટર્ન, તથા ઈન્કમટેક્ષ રીટર્ન ભરેલ ન હોય તે કિસ્સામાં આવકવેરાને પાત્ર આવક ન થતી હોવા અંગેનું સેલ્ફ ડિક્લેરેશન (લાગુ પડતુ હોય ત્યાં) વગેરે અસલ આધારો ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. ઓનલાઈન ફોર્મની પ્રિન્ટ વાલીએ પોતાની પાસે રાખવાની રહેશે. **ઓનલાઈન ભરેલ ફોર્મ ક્યાંય જમા કરાવવાનું રહેશે નહી.**

તા.૦૫/૦૩/૨૦૨૪
સ્થળ: ગાંધીનગર

(ડૉ.એમ.આઈ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

# શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫

# RTE ACT-2009 હેઠળ પ્રવેશ પ્રક્રિયા માટેનો સંભવિત કાર્યક્રમ

| પ્રક્રિયા | સમયગાળો | તારીખ |
|---|---|---|
| શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ પ્રવેશ માટેની વર્તમાન પત્રોમાં જાહેરાત બહાર પાડવી | તા.૦૫/૦૩/૨૦૨૪ | |
| ઓનલાઈન ફોર્મ ભરવા જરૂરી ડોક્યુમેન્ટ એકઠા કરવા માટે વાલીઓને આપવાના થતા દિવસ | દિન-૯ | તા. ૦૫/૦૩/૨૦૨૪ થી તા. ૧૩/૦૩/૨૦૨૪ |
| ઓનલાઈન ફોર્મ ભરવા આપવાના થતા દિવસ | દિન-૧૩ | તા. ૧૪/૦૩/૨૦૨૪ થી તા. ૨૬/૦૩/૨૦૨૪ |
| જિલ્લા કક્ષાએ ઓનલાઈન ફોર્મની ચકાસણી કરી એપ્રુવ/રીજેક્ટ કરવાનો સમયગાળો | દિન-૧૫ | તા. ૧૪/૦૩/૨૦૨૪ થી તા. ૨૮/૦૩/૨૦૨૪ |
| માત્ર અમાન્ય થયેલ ઓનલાઈન અરજીઓમાં ખૂટતાં ડોક્યુમેન્ટ અપલોડ કરવા માટે અરજદારોને પુનઃ તક આપવા માટેનો સમયગાળો | દિન-૩ | તા. ૦૧/૦૪/૨૦૨૪ થી તા. ૦૩/૦૪/૨૦૨૪ |
| માત્ર અમાન્ય થયેલ ઓનલાઈન અરજીઓ પૈકી પુનઃ ડોક્યુમેન્ટ અપલોડ થયેલ ઓનલાઈન ફોર્મની જિલ્લા કક્ષાએ ચકાસણી કરવાનો સમયગાળો | દિન-૪ | તા. ૦૧/૦૪/૨૦૨૪ થી તા. ૦૪/૦૪/૨૦૨૪ |
| પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ જાહેર કરવાની તારીખ | તા. ૦૬/૦૪/૨૦૨૪ | |